સત્યમેવ જયતે

રજુ તારીખ :–૨૫/૦૨/૨૦૨૫.
દાખલ તારીખ :–૨૫/૦૨/૨૦૨૫.
ફેંસલ તારીખ :– ૨૧/૦૭/૨૦૨૬.
અવધિ:– ૦૧ વર્ષ ૦૪ માસ ૨૬ દિવસ.

---

## દેવભુમિ દ્વારકા જિલ્લાના મ્હે. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. ખંભાળીયા.

---

**ફોજદારી કેસ નં. ૩૮૯/૨૦૨૫.**

**આંક :–**

**ફરીયાદી :– શ્રી સરકાર.**
**(ખંભાળીયા પો. સ્ટે. પાર્ટ–એ**
**ગુ. ર. નં. ૧૧૧૮૫૦૦૪૨૪૧૬૫૬/૨૦૨૪)**

**વિરૂધ્ધ**

**આરોપી :– નરેશભાઈ અરવિંદભાઈ મેઘનાથી,**
ઉ. વ. ૩૭, ધંધો. પંચરની દુકાન,
રહે.જુબેલી, ખાપટ રોડ, કસ્તુરબા સ્કુલવાળી ગલીમાં,
તા.જી. પોરબંદર.

---

**ગુનો:– બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૦૬(૧) તથા એમ. વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો.**

---

**સરકાર તરફે :– વિ. એ.પી.પી. શ્રી એન.એચ.રાયઠઠા**
**તહોમતદાર તરફે :– વિ. વ. શ્રી. જે.આર. કુવા.**

---

## –: ચુકાદો :–

(૧) આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.

૧૬/૧૧/૨૦૨૪ ના રોજ કલાક–૧૩:૩૦ વાગ્યે જામનગર–ખંભાળીયા હાઈવે રોડ, અશોક શો–રૂમની સામે આ કામના ફરિયાદીના પિતા પોતાના દુકાનેથી એકટીવા મો.સા. રજી.નં.જી.જે.–૨૫–એફ–૨૨૦૦ વાળું લઈ લગ્નમાં હાજરી આપવા જતા હતા ત્યારે આરોપીએ પોતાની પાસે રહેલ ઈનોવા ફોર વ્હીલ ગાડી રજી.નં.જી.જે.–૦૬–સીબી–૪૩૬૫ વાળી પુરઝડપે અને બેફિકારઈથી ચલાવી લાવી એકટીવા મો.સા. ને ઠોકર મારી મોટર સાયકલ ચાલકને રોડ પર નીચે પછાડી દઈ મોટર સાયકલ ચાલકને શરીરે માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી તેનું મોત નિપજાવી ગુન્હો કરેલ હોય તપાસ દરમ્યાન આરોપી પકડાઈ જઈ આરોપી વિરુધ્ધ પડેલ પુરાવાથી હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨) ત્યારબાદ અત્રેની કોર્ટ ધ્વારા આરોપીને ધોરણસરના સમન્સ કાઢવામાં આવેલ જે સમન્સની બજવણી આરોપીને થતાં તેઓ અત્રેની કોર્ટમાં હાજર થયેલ જેથી આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વીના મૂલ્યે આપવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આરોપીની સામે આંક–૫ થી તહોમતનામું ફરમાવી આંક–૬ થી આરોપીનો જવાબ નોંધતાં તેમણે તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ હોય ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ નીચે મુજબના મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :–**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
| --- | --- | --- |

| | | |
|---|---|---|
| ૧. | ફરિયાદી રૂમિતભાઈ જગદીશભાઈ પાઉંની સોગંદ ઉપરની જુબાની, | ૭ |
| ૨. | સાહેદ રમેશ મથુરાદાસ પાઉંની જુબાની | ૧૦ |
| ૩. | સાહેદ સોનલબેન જગદીશભાઈ પાઉંની સોગંદ ઉપરની જુબાની | ૧૧ |
| ૪. | સાહેદ સહદેવસિંહ ભોવાનસિંહ વાઢેરની સોગંદ ઉપરની જુબાની | ૧૪ |
| ૫. | સાહેદ પ્રફુલભાઈ કરશનદાસ સોનૈયાની સોગંદ ઉપરની જુબાની | ૧૭ |
| ૬. | સાહેદ મંદાબેન રમેશભાઈ પાઉંની જુબાની | ૧૮ |
| ૭. | સાહેદ કેશુભાઈ હરભમભાઈ સુંડાવદરાની જુબાની | ૧૯ |
| ૮. | સાહેદ પ્રતાપ રાણાભાઈ સુંડાવદરાની જુબાની | ૨૦ |
| ૯. | સાહેદ રામભાઈ માલદેભાઈ ભુતીયાની જુબાની | ૨૧ |
| ૧૦. | સાહેદ અનિલભાઈ હરજીવનભાઈ થાનકીની જુબાની | ૨૩ |
| ૧૧. | સાહેદ અંજુબેન અનિલભાઈ થાનકીની જુબાની | ૨૪ |
| ૧૨. | સાહેદ ઈન્તુજાબેન ઈબ્રાહીમભાઈ નોયડાની જુબાની | ૨૯ |

## દસ્તાવેજી પુરાવો :–

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૮ |
| ૨. | ઈન્કવેસ્ટ પંચનામું | ૨૫ |
| ૨. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૨૬ |
| ૪. | આરોપીનું અટક પંચનામું | ૨૭ |
| ૫. | પોસ્ટમોર્ટમ રીપોર્ટ | ૨૮ |
| ૬. | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ | ૩૦, ૩૧ |
| ૭. | આર.સી.બુકની નકલો | ૩૨, ૩૩ |
| ૮. | ડ્રાઈવીંગ લાયસન્સની નકલ | ૩૪, ૩૫ |

(૫) ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ઘ્યાને લઈ આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમા તેમણે જણાવેલ છે કે તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે, તેઓને સોગંદ ઉપર પુરાવો આપવો નથી તથા કોઈ સાહેદે તપાસવા નથી. તેઓ નિર્દોષ છે અને તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે. જેથી તેઓને નિર્દોષ છોડી મૂકવા અરજ કરેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષ તરફથી રજુ કરેલ પુરાવાઓને ઘ્યાને લેતા આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**–: મુદૃા :–**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૬/૧૧/૨૦૨૪ ના રોજ કલાક–૧૩:૩૦ વાગ્યે જામનગર–ખંભાળીયા હાઈવે રોડ, અશોક શો–રૂમની સામે આ કામના ફરિયાદીના પિતા પોતાના દુકાનેથી એકટીવા મો.સા. રજી.નં

.જી.જે.–૨૫–એફ–૨૨૦૦ વાળું લઈ લગ્નમાં હાજરી આપવા જતા હતા ત્યારે આરોપીએ પોતાની પાસે રહેલ ઈનોવા ફોર વ્હીલ ગાડી રજી.નં.જી.જે.–૦૬–સીબી–૪૩૬૫ વાળી પુરઝડપે અને બેફિકારઈથી ચલાવી લાવી એકટીવા મો.સા. ને ઠોકર મારી મોટર સાયકલ ચાલકને રોડ પર નીચે પછાડી દઈ મોટર સાયકલ ચાલકને શરીરે માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી તેનું મોત નિપજાવી બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા ઉપરનો મારો નિર્ણય નીચે મુજબ છે.

**(૧) નકારમાં**

**(૨) આખરી હુકમ મુજબ.**

**–: <u>કારણો</u> :–**

**<u>મુદ્દા નં.૧ સબબ</u> :–**

(૮) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે ફરીયાદી રૂમિતભાઈ જગદીશભાઈ પાઉને આંક–૭ થી તપાસવામાં આવેલ છે. જે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવું જણાવે છે કે, ''હું પ્રાઈવેટ નોકરી કરુ છુ. હુ પીપલ પોઝીટીવ કંપનીમાં વર્ક ફ્રોમ હોમ કરુ છુ. બનાવ તા.૧૬/૧૧/૨૦૨૪ ના બનેલો. મારા પિતાજી આશરે પોણા બારેક વાગ્યે અમારુ એકટીવા નં .જી.જે.૨૫–એફ–૨૨૦૦ લઈને દુકાનેથી નીકળેલા. મને સવાથી દોઢ વાગ્યાના વચ્ચે મારા કાકા રમેશભાઈ પાંઉનો ફોન આવેલો અને કહેલ

કે તમારા પિતાનુ અકસ્માત થયેલ છે અને તમે સરકારી દવાખાને પહોંચો. જેથી હુ તરત જ ખંભાળીયા સરકારી હોસ્પિટલે ગયેલો અને મારા પિતાજી મરણ ગયેલાનું ત્યાના ડોકટર સાહેબે જણાવેલ. મને જાણવા મળેલ કે મારા પિતાજીનો અકસ્માત ખંભાળીયા–જામનગર હાઈવે પર આવેલ અશોક હીરોના શોરૂમ પાસે એક ઈનોવા કાર જેના રજી. નં.જી.જે.૦૬–સીબી પરંતુ તેના ચોકકસ નંબર હાલ મને યાદ નથી નાઓએ ફુલ હાઈસ્પીડમાં ચલાવી પાછળથી મારા પિતાના એકટીવામાં ઠોકર મારેલાનું જાણેલુ અને હુ અકસ્માત વાળા સ્થળે ગયેલા ત્યા અકસ્માત કરનાર કાર પડેલ હતી અને ત્યા વીસ ફુટ સુધીના ટાયરના માર્ક હતા. આ બનાવની મે ફરીયાદ આપેલી મને અસલ ફરીયાદ બતાવવામા આવે છે તેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે ફરીયાદ રજુ દા.આ.૮ આપવામા આવે છે. મે ઈનોવા કારના પુરા નંબર ફરીયાદમાં આપેલા.'' જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખે છે કે,''બનાવ મે નજરે જોયેલ નથી. જેથી ત્યા શુ બનેલુ તે હુ કહી શકુ નહી. મે મારી ફરીયાદમાં કોઈ ઈસમનું નામ કે કદ વર્ણન બતાવેલ નથી. કહેવાતા અકસ્માત વાળો વિસ્તાર હાઈવે છે અને ત્યાથી ઘણા બધા વાહનોની અવર–જવર રહે છે. આજુબાજુમાં ઘણી હોટેલો અને પેટ્રોલપંપ આવેલ છે. પેટ્રોલપંપ હોઈ ત્યા સી.સી.ટી.વી. હોય છે. અમે અકસ્માત વળતર મેળવવા માટે કેસ કરેલ છે. મરણ જનાર પાસે લાયસન્સ હતુ જે મે પોલીસને આપેલુ.''

(૯) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૦ થી સાહેદ રમેશ મથુરાદાસ પાઉ

નાઓને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવું જણાવે છે કે,''બનાવ તા.૧૬/૧૧/૨૦૨૪ ના રોજ બનેલો. મારા ભાઈ જગદીશ મથુરાદાસ પાઉંનું અકસ્માત અશોક પેટ્રોલપંપ કે જે જામનગર–ખંભાળીયા રોડ ઉપર, હીરો શોરૂમની બાજુમાં આવેલ છે ત્યાં થયેલો. હું બનાવ વખતે ત્યાં હાજર નહતો. મને મારા મિત્ર સહદેવસિંહ ભવનસિંહ વાઢેરનો ફોન આવેલો. આ સહદેવસિંહ ભવનસિંહ વાઢેર, મારા ભાઈ જગદીશભાઈ અને પ્રફુલભાઈ સોનૈયા પીંડારા વાળા આ ત્રણેય અકસ્માત વખતે સાથે જ હતા અને તેઓ પરાગભાઈ બરછા કે જેઓ અમારા સંબંધી છે કે જેમના ઘરે લગ્ન પ્રસંગ હોય તેમના ઘરે જમવા જતા હતા અને મારા ભાઈ જગદીશભાઈ પાસે એકટીવા કે જેના રજિ. નં. જીજે–૨૫–એફ–૨૨૦૦ વાળું લઈ જતા હતા તે વખતે અકસ્માત થયેલો અને અકસ્માત થતા આ અમારા મિત્ર સહદેવસિંહનો મને આશરે બપોરના સવા એક વાગે ફોન આવેલો કે ''આ તમારા ભાઈ જગદીશભાઈનું ઈનોવા કાર સાથે અકસ્માત થયેલ છે અને ગંભીર છે'' આ ઈનોવા ગાડીના નંબર મને તે વખતે ખબર ન હતા. ત્યારબાદ આ ઈનોવા ગાડીના નંબર મને જાણવા મળેલા. મને જણાવેલ કે, ''તમે જલદીથી ખંભાળીયા સરકારી દવાખાને આવી જાઓ''. જેથી હું તરત જ અમારું ફાટકની બાજુમાં જ રેસ્ટોરન્ટ આવેલ હોય અને હું ત્યાં હાજર જ હોઉં તરત જ દવાખાને પહોંચેલ અને ત્યાં જઈને જોયું તો મારા ભાઈના માથા, મોઢા અને કાનમાંથી લોહી નીકળતા હતા અને અમને મને અને મારા ભત્રીજા રૂમિતને ડોકટરે જણાવેલ કે આ તમારા ભાઈ મરણ ગયેલ છે ત્યાં અમે અમારા સગા વહાલાને બોલાવી લીધેલા અને આ બનાવની ફરિયાદ

મારા ભત્રીજા રૂમિતભાઈ પાઉંએ કરેલી અને ફરિયાદ સંબંધે પોલીસે મારી પૂછપરછ કરેલી. મને પાછળથી એવું જાણવા મળેલ કે ઈનોવાવાળાએ પાછળથી મારા ભાઈને ઉડાવી દીધેલ છે. મેં આ ઈનોવા કાર ચાલકને પાછળથી પણ કોણ હતું તે જાણેલ કે જોયેલ નહિ.'' જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમા એ વાત કબુલ રાખે છે કે,'' બનાવ વખતે હું મારી રેસ્ટોરન્ટ પર હોય બનવા મેં નજરે જોયેલ નથી. બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી. પોલીસે ફકત મારું નામ સરનામું પૂછેલું તે સિવાય બીજું કશું પૂછેલ નથી.''

(૧૦) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૧ થી સાહેદ સોનલબેન જગદીશભાઈ પાઉં નાઓને તપાસેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,''બનાવ તા.૧૬/૧૧/૨૦૨૪ ના રોજ હું મારા ઘરે હતી ત્યારે મારા દેર રમેશભાઈનો બપોરના સમયે મારા દીકરા રૂમિત ઉપર ફોન આવેલ કે તારા પપ્પાનું અકસ્માત થયેલ છે તું અને તારા મમ્મી દવાખાને પહોંચો જેથી હું અને મારો દીકરો દવાખાને પહોંચેલા અને જોયું તો મારા પતિને સ્ટ્રેચર ઉપર સુવાડેલ હતા અને તેઓને માથા, મોઢા અને કાનમાં થી લોહી નીકળતા હતા અને ડોકટરશ્રીએ તેમને મૃત જાહેર કરેલા. મને પાછળથી વાતોવાતોથી જાણવા મળેલ કે મારા પતિ જગદીશ મથુરાદાસ પાઉંનું અકસ્માત અશોક પેટ્રોલપંપની સામેની બાજુએ એક ઈનોવા કાર કે જેના નંબર જીજે–૦૬–સીબી–૪૩૬૫ જેવા એ બેફીકરાઈથી ગાડી ચલાવી મારા પતિ એકટીવા લઈને જતા હતા કે જેના નં. જીજે–૨૫–એફ–૨૨૦૦ વાળું લઈ જતા હતા તે વખતે ટકકર મારી દીધેલી.

આ ઈનોવા ગાડીના ચાલક પોરબંદર બાજુના હતા તેવું મેં જાણેલું પરંતુ હું તેમને ઓળખતી નથી કે તેમને મેં જોયેલ નથી. પોલીસે મારી પૂછપરછ કરેલી નહિ. બનાવ સંબંધે મારા દીકરાએ ફરિયાદ આપેલી.'' બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખે છે કે,''બનાવ વખતે હું મારા ઘરે હોય બનાવ મેં નજરે જોયેલ નથી. બનાવ અંગે મને કોઈ જાત માહિતી નથી.''

(૧૧) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૪ થી સાહેદ સહદેવસિંહ ભોવાનસિંહ વાઢેર નાઓને તપાસેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,''બનાવ આજથી આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. મારે સલાયા ફાટક પાસે વિધિ હોસ્પિટલની નીચે મોમાઈ ઓટો પાર્ટસની દુકાન છે. અમારા મિત્ર પરાગભાઈ બરછાના ભાઈના દીકરાના લગ્નમાં જવાનું હોય બનાવના દિવસે હું તથા મારા મિત્ર પ્રફુલભાઈ તથા જગદીશભાઈ પાઉં અમારી દુકાનેથી બપોરના પોણા વાગે નીકળેલા અને હું અને પ્રફુલભાઈ મારી બાઈક ઉપર હતા અને જગદીશભાઈ પોતાનું એકટીવા ચલાવીને લગ્નમાં જવા નીકળેલા બનાવ આશરે એકાદ વાગ્યા આસપાસ બનેલ ત્યારે અમે ત્રણેય જણા ખંભાળીયા દ્વારકા નેશનલ હાઈવે રોડ પર અશોક શોરૂમ પાસે પહોંચેલા ત્યારે જગદીશભાઈ અમારી આગળ હતા અને અમે તેની પાછળ હતા અને ઈનોવા કાર અમારાથી ઓવર ટેક કરી સ્પીડમાં નીકળી અને આગળ જગદીશભાઈને ઠોકર મારતા જગદીશભાઈ એકટીવા સહિત ઉછળીને રોડ પર પડી ગયેલા અને અમે ત્યાં તરત પહોંચી અને અમારી બાઈક સાઈડ ઉપર રાખી મેં તથા મારા મિત્ર

પ્રફુલભાઈએ જગદીશભાઈને માથામાં લોહી નીકળતું હોય રોડથી સાઈડ પર લઈ લીધેલ. ત્યાં માણસો ભેગા થઈ જતા ૧૦૮ આવી જતા પ્રફુલભાઈ ૧ ૦૮ એમ્બ્યુલેન્સમાં જગદીશભાઈને લઈને ખંભાળીયા સરકારી હોસ્પિટલ ગયેલા અને મેં તેમના ભાઈ રમેશભાઈને ફોન કરીને બનાવની જાણ કરેલી. જગદીશભાઈને ઈમરજન્સી વોર્ડમાં લઈ ગયેલા ત્યારબાદ હું હોસ્પિટલ પહોં ચેલ ત્યારે તેમના સંબંધીઓ બધા રોતા હતા અને મને જાણવા મળેલ કે જગદીશભાઈ અવસાન પામેલ છે અને ત્યારબાદ હોસ્પિટલમાં જગદીશભાઈનું પી.એમ. કરેલું અને અંતિમ સંસ્કાર માટે તેમના કુટુંબી જનોને જગદીશભાઈની બોડી સોંપેલી. આ ઈનોવા કારના રજિ. નં. જીજે–૦૬–સીબી–૪૩૬૫ હતા. મેં જેતે વખતે આ ઈનોવા કારના ચાલકને જોયેલા પરંતુ હાલ મને બહુ યાદ નથી. પરંતુ હું તેમને જોઉં તો ઓળખી શકું. પોલીસે મારું નિવેદન લીધેલું.'' જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખે છે કે,''હુ અને જગદિશભાઈ બન્ને મિત્રો છીએ. હુ વાહન ચલાવવાનું લાયસન્સ ધરાવુ છુ. મે જયારે આ લાયસન્સ મેળવ્યુ ત્યારે આર.ટી.ઓના નિયમ વિશે મને જાણકારી હતી. કોઈ ફોરટ્રેક રોડ હોય તો ત્યા નિયમાનુસાર જયા વળાંકનુ સાઈનબોર્ડ હોય ત્યાથી જ વળાંક લેવાય. ખંભાળીયા–જામનગર ફોરટ્રેક રોડ ઉપર હુ જે જગ્યાની વાત કરુ છુ ત્યા નેશનલ હાઈવે ઓર્થોરીટી દ્વારા કોઈ માન્ય વળાંકનું સાઈનબોર્ડ લગાવેલ ન હતુ. જયા માન્ય વળાંકનું સાઈનબોર્ડ હોય ત્યાં સૂર્યપ્રકાશ સંચાલિત બન્ને બાજુ લાઈટ થાય તેવુ બોર્ડ લગાવવામાં આવે છે. જયા આ બનાવ બન્યો ત્યાથી માન્ય

વળાંકનું સાઈનબોર્ડ ઘણુ દુર આવેલ છે. કહેવાતી બનાવવાળી જગ્યાએ બધે સી.સી.ટી.વી. લગાવેલ છે. હવે કહુ છુ કે હશે પરંતુ મને ખબર નથી. કોઈપણ વાહન કેટલી સ્પીડમાં જાય છે તે વાહનમાં બેઠા વગર ખબર ન પડે કે તેની સ્પીડ કેટલી છે. જગદીશભાઈની ગાડીનો નંબર જી.જે.૨૫ પાર્સીંગ છે વચ્ચેનો નંબર ખબર નથી પરંતુ છેલ્લે ૨૫૦૦ આવે છે. હુ જે ગાડીમાં જતો હતો તે ગાડીનો નંબર મને ખબર છે. જેનો નંબર જી.જે.૧ ૦–એ.કયુ–૩૯૪૦ છે. આ ગાડી મારી પોતાની માલીકીની છે. હુ જે બનાવની વાત કરુ છુ ત્યારે મારી ગાડી નં.જી.જે.૧૦–એ.કયુ–૩૯૪૦ નો વીમો ચાલુ હતો. જગદીશભાઈના પરીવારના લોકોએ જગદીશભાઈના અકસ્માત સંબંધે કોઈ કલેઈમ કેસ કરેલ છે કે કેમ. મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં તેમજ જુબાનીમાં મે ઈનોવા ગાડીના ચાલકનું કોઈ વર્ણન કે ગાડીનો કોઈ કલર લખાવેલ નથી. ''

**(૧૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ પ્રફુલભાઈ કરશનદાસ સોનૈયા નાઓને તપાસેલ છે. જેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,''બનાવ આજથી આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. મારે સલાયા ફાટક પાસે રેડીયો સર્વિસની દુકાન છે. અમારા મિત્ર પરાગભાઈ બરછાના ભાઈના દીકરાના લગ્નમાં જવાનું હોય બનાવના દિવસે હું તથા મારા મિત્ર સહદેવસિંહ તથા જગદીશભાઈ પાઉં અમારી દુકાનેથી બપોરના પોણા વાગે નીકળેલા અને હું અને સહદેવસિંહ મારી બાઈક ઉપર હતા અને જગદીશભાઈ પોતાનું એકટીવા ચલાવીને લગ્નમાં જવા નીકળેલા બનાવ આશરે એકાદ વાગ્યા આસપાસ બનેલ ત્યારે અમે ત્રણેય જણા ખં

ભાળીયા દ્વારકા નેશનલ હાઈવે રોડ પર ક્રિષ્ના પેટ્રો પંપ પાસે પહોંચેલા ત્યારે જગદીશભાઈ નજર સામે દેખાય તેટલા અમારી આગળ હતા અને અમે તેની પાછળ હતા અને જગદીશભાઈ જમણી સાઈડ હતા અને અમે ડાબી સાઈડ હતા અને એક ઈનોવા કાર અમારાથી ઓવર ટેક કરી સ્પીડમાં નીકળી અને આગળ જગદીશભાઈને ઠોકર મારતા જગદીશભાઈ એકટીવા સહિત ઉછળીને રોડ પર પડી ગયેલા અને અમે ત્યાં તરત પહોંચી અને અમારી બાઈક સાઈડ ઉપર રાખી મેં  જગદીશભાઈને માથામાં લોહી નીકળતું હોય રોડથી સાઈડ પર લઈ લીધેલ. ત્યાં માણસો ભેગા થઈ જતા ૧ ૦૮ આવી જતા હું ૧૦૮ એમ્બ્યુલેન્સમાં જગદીશભાઈને લઈને ખંભાળીયા સરકારી હોસ્પિટલ ગયેલા અને સહદેવસિંહે તેમના ભાઈ રમેશભાઈને ફોન કરીને બનાવની જાણ કરેલી. જગદીશભાઈને ઈમરજન્સી વોર્ડમાં લઈ ગયેલા. ત્યાં હાજર ડોકટરે જગદીશભાઈ પાઉંને તપાસીને મરણ ગયેલા હોવાનું જાહેર કરેલ. ત્યારબાદ તેઓનું પી.એમ. કરી તેમની લાશનો કબજો તેમના પરિવારજનોને સોંપી આપેલ. આ ઈનોવા કારના રજિ. નં. જીજે–૦૬–૪૩૬૫ જેવો હતો. મેં આ ઈનોવા કારના ચાલકને જોયેલા નથી કારણ કે હું તરત જ જગદીશભાઈને લઈને નીકળી ગયેલો અને તે વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હોય હું ચાલકને જોઈ શકેલ નહિ. પોલીસે મારું નિવેદન લીધેલું.'' જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખે છે કે, ''હુ અને જગદિશભાઈ બન્ને મિત્રો છીએ. હુ વાહન ચલાવવાનું લાયસન્સ ધરાવુ છુ. મે જયારે આ લાયસન્સ મેળવ્યુ ત્યારે આર.ટી.ઓના નિયમ વિશે મને જાણકારી હતી. કોઈ ફોરટ્રેક

રોડ હોય તો ત્યા નિયમાનુસાર જયા વળાંકનુ સાઈનબોર્ડ હોય ત્યાથી જ વળાંક લેવાય. વળાંક લેતી વખતે અકસ્માત થયેલાનું મેં કયાંય લખાવેલ નથી. ડીવાઈડરના ખાંચામાંથી જગદીશભાઈ ગાડી કાઢતા હોય અને આ અકસ્માત બનેલ હોય તેવું બનેલ ન હોય આવી કોઈ હકીકત મેં કયાંય લખાવેલાનું પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ ઈનોવા ગાડી કોણ ચલાવતું હતું તેની મને આજદિન સુધી ખબર પડેલ નથી. પોલીસે લખાણ કરીને મારી સહી લીધેલી.''

(૧૩) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ મંદાબેન રમેશભાઈ પાઉં નાઓને તપાસેલ છે. જેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ''જગદીશભાઈ પાઉં મારા જેઠ થાય છે. બનાવ તા.૧૬/૧૧ /૨૪ ના રોજ બનેલો. હું મારા ઘરે હતી ત્યારે બપોરના સવા એક વાગ્યાની આસપાસ મારા પતિ રમેશભાઈનો ફોન આવેલો કે મોટાભાઈ જગદીશભાઈ પોતાનું એકટીવા લઈને તથા સહદેસિંહભાઈ તથા પ્રફુલભાઈ તેઓનું મો.સા. લઈને પરાગભાઈ બરછાના દીકરાના લગ્નમાં જઈ રહયા હતા અને ખં ભાળીયા–દ્વારકા નેશનલ હાઈવે પર અશોક શો રૂમ પાસે પહોંચેલ ત્યારે ડીવાઈડર પાસે ખાંચામાંથી નીકળતા હતા ત્યારે ખંભાળીયા તરફથી આવતી એક ઈનોવા કારના ચાલકે અકસ્માત કરતા જગદીશભાઈને માથામાં ગંભીર ઈજાઓ થયેલ હોય તેમની સાથે રહેલ સહદેસિંહ અને પ્રફુલભાઈ ૧૦૮ એમ્બ્યુલેન્સમાં ખંભાળીયા જનરલ હોસ્પિટલમાં સારવારમાં લઈ જાય છે અને તેવી જાણ અમારી હોટેલે કરતા અને તેની જાણ મારા પતિને થતા મેં આ હકીકતની જાણ મારા જેઠાણી તથા તેમના પુત્રને કરેલી. અને ત્યારબાદ

અમો બધા ખંભાળીયા જનરલ હોસ્પિટલે ગયેલા અને ફરજ પરના ડોકટરે મારા જેઠને મરણ ગયેલા જાહેર કરતા તેમની લાશ અમોને પી.એમ. કર્યા બાદ સોંપાતા અમોએ લાશનો કબજો સંભાળી લેતા આ બાબતની ફરીયાદ મારા ભત્રીજા રોમીતે કરેલી. આ અકસ્માત કરનાર ઈનોવાના નંબર મેં જાણેલા નહિ. પોલીસે મારું નિવેદન લીધેલું.'' જયારે બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, ''બનાવ વખતે હું હાજર ન હોય બનાવ વિશે મને કોઈ જાત માહિતી નથી.''

**(૧૪)** ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૯ થી સાહેદ કેશુભાઈ હરભમભાઈ સુંડાવદરા નાઓને તપાસેલ છે. સદર સાહેદે તેમની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,''મારી પાસે એક ઈનોવા ગાડી જે મેં પ્રતાપભાઈ પાસેથી રૂા.૨૪૦૦૦૦/– માં વેચાણ લીધેલી જેના નંબર હાલ મને યાદ નથી. જે ગાડી મેં મારા નામે ટ્રાન્સફર કરાવેલ નહતી અને આ ગાડી મેં રામભાઈ બોઘાભાઈ ભુતીયાને કે જેઓ પોરબંદર રહે છે તેમને વેચાણ આપેલી. તે સંબંધે કાગળો કરી આપેલ નહિ. આ બધી હકીકત મેં પોલીસને જણાવેલી.'' જયારે બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એવી હકીકત કબુલ રાખે છે કે,'' પોલીસે ફકત મારું નામ સરનામું પુછેલુ તે સિવાય બીજું કાંઈ પૂછેલું નહી.''

**(૧૫)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૦ થી સાહેદ પ્રતાપ રાણાભાઈ સુંડાવદરા નાઓને તપાસેલ છે. સદર સાહેદે તેમની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''મારી પાસે એક ઈનોવા ગાડી જેના નં. જીજે–૦૬–જીબી–૪૩૬૫ ની હતી. આ ગાડી મેં જીવાજી પાસેથી ખરીદ

કરેલી. આ ગાડી મેં કેશુભાઈને વેચાણ આપી દીધેલી. આ ગાડીની આર.સી. બુક મારા નામે ચાલે છે.હાલ આ ગાડી મારા નામે નથી. જે આર.સી. બુકની નકલ મને બતાવવામાં આવે છે તે જોઈ જણાવું છું કે તે તે જ છે સદર આર.સી. બુક ઝેરોક્ષ કોપી હોય જે રજુ માર્ક–એ આપવામાં આવે છે. પોલીસે ફકત મારું નામ ઠામ પૂછેલું મેં બીજું કંઈ લખાવેલું નહિ.'' સદર સાહેદે પણ ફરિયાદપક્ષને કેસની હકીકતોને સમર્થન નહી આપતા વિ.એ.પી.પી.શ્રી દ્વારા લીધેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. જયારે બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એવી હકીકત કબુલ રાખે છે કે,''પોલીસે ફકત મારુ નામ સરનામું પૂછેલુ તે સિવાય મે પોલીસને કાંઈ લખાવેલ નથી.''

(૧૬) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૧ થી સાહેદ રામભાઈ માલદેભાઈ ભુતીયા નાઓને તપાસેલ છે. સદર સાહેદે તેમની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,''હું પોરબંદરમાં રહું છું અને ખેતીકામ કરું છું. મેં કોઈ વાહન દરીદ કરેલ હોય અને વેચાણ કરેલ હોય તેવું બનેલ નથી. પોલીસે મારું નિવેદન લીધેલ હોય તેવું બનેલ નથી.'' સદર સાહેદે પણ ફરિયાદપક્ષને કેસની હકીકતોને સમર્થન નહી આપતા વિ.એ.પી.પી.શ્રી દ્વારા લીધેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. જયારે બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એવી હકીકત કબુલ રાખે છે કે,''પોલીસે મારું નિવેદન લીધેલ નથી.''

(૧૭) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ અનિલભાઈ હરજીવનભાઈ થાનકી નાઓને તપાસેલ છે. સદર સાહેદે તેમની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,''મારે પોરબંદર કુંભારવાડામાં આશાપુરા નામની પાનની તથા સોડાની દુકાન આવેલ છે. મારી બાજુમાં શીમાણી વાળા નિલેશભાઈ મોઢા રહે છે. હું કોઈના વાહનમાં કયારેય ગયેલ હોય અને અકસ્માતનો બનાવ બનેલ હોય તેવું બનેલ નથી. પોલીસે મારું નિવેદન લીધેલ હોય તેવું બનેલ નથી.'' સદર સાહેદે પણ ફરિયાદપક્ષને કેસની હકીકતોને સમર્થન નહી આપતા વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લીધેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

(૧૮) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૪ થી સાહેદ અંજુબેન અનિલભાઈ થાનકી નાઓને તપાસેલ છે. સદર સાહેદે તેમની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,''મારા પતિને પોરબંદર કુંભારવાડામાં આશાપુરા નામની પાનની તથા સોડાની દુકાન આવેલ છે. અમારી બાજુમાં શીમાણી વાળા નિલેશભાઈ મોઢા રહે છે. હું કોઈના વાહનમાં કયારેય ગયેલ હોય અને અકસ્માતનો બનાવ બનેલ હોય તેવું બનેલ નથી. પોલીસે મારું નિવેદન લીધેલ હોય તેવું બનેલ નથી.'' સદર સાહેદે પણ ફરિયાદપક્ષને કેસની હકીકતોને સમર્થન નહી આપતા વિ.એ.પી.પી.શ્રી ધ્વારા લીધેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

(૧૯) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૯ થી ત.ક. અમલદાર ઈન્તુજાબેન ઈબ્રાહીમભાઈ નોયડા નાઓને તપાસેલ છે. સદર સાહેદે તેમની સરતપાસમાં

એવી હકીકત જણાવેલ છે કે,''હું સને ૨૦૨૪ ના વર્ષમાં ખંભાળીયા પો.સ્ટે. માં પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતી ત્યારે પ્રથમ બાતમી નં. ૧૬૫૬/૨૪ ની તપાસ ગુનો દાખલ થયા બાદ મને સોંપાતા તપાસના કામે મને ફરીયાદ, ઈન્કવેસ્ટ પંચનામું મળેલ. તપાસના કામે ગુનાવાળી જગ્યાએ જઈ બે પંચો તથા રૂમિત જગદીશભાઈ પાઉંને હાજર રાખી તેઓના બતાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચનામાની વિગતે કરેલ. મને આંક–૨૬ વાળું પંચનામું મને બતાવવામાં આવે છે તે તે જ છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. તપાસના કામે બે પંચો રૂબરૂ આરોપી નરેશ અરવીંદભાઈ મેઘનાથી પંચનામાની વિગતે અટક કરેલા આંક–૨૭ વાળું પંચનામું મને બતાવવામાં આવે છે તે તે જ છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. તપાસના કામે સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લઈ મરણ જનારની પી.એમ. નોટ તપાસના કામે મેળવી સામેલ રાખેલ તેમજ તપાસના કામે અકસ્માત રિપોર્ટ ફોર્મ વાહન નં. જીજે–૦૬–સીબી–૪૩૬૫ તથા વાહન નં. જીજે–૨૫–એફ–૨૨૦૦ ના દસ્તાવેજો મેળવી સામેલ રાખેલા જે બંને અસલ મને બતાવવામાં આવે છે તે તે જ છે જે રજુ દા.આં.૩૦ અને ૩૧ આપવામાં આવે છે. તપાસના કામે વાહન નં. જીજે–૦૬–સીબી–૪૩૬૫ ની આર.સી. બુક જેને માર્ક–એ આપેલ છે તથા જીજે–૨૫–એફ–૨૨૦૦ ની આર.સી. બુક તથા આરોપીનું ડ્રાઈવીંગ લાઈસન્સ તથા મરણ જનાર જગદીશભાઈ પાઉ.ના ડ્રાઈવીંગ લાઈસન્સની નકલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ

જે મને બતાવવામાં આવે છે તે તે જ છે જે રજુ અનુક્રમે દા.આં.૩ર થી ૩પ આપવામાં આવે છે.'' જયારે બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એવી હકીકત કબુલ રાખે છે કે, ''અકસ્માત વાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને દિવસ દરમ્યાન ઘણા બધા માણસોની તથા વાહનોની અવરજવર થાય છે. બનાવવાળી જગ્યાની બાજુમાં હોટલ, પેટ્રોલ પંપ તથા હીરોનું શો–રૂમ આવેલ છે. બનાવ વાળી જગ્યાએ એન.એચ.આઈ.એ.નો માન્ય કોઈ ખાંચો કે પાટીયું કે ડીવાઈડર આવેલ નથી. પેટ્રોલ પંપ ઉપર સીસીટીવી કેમેરા હોય છે. આ કામે સીસીટીવી કેમેરાના ફુટેજ કબજે કરેલ નથી. હાલના કામે શો–રૂમના માલિક કે કર્મચારી, પેટ્રોલ પંપના માલિક કે કર્મચારી તથા હોટલના માલિક કે કર્મચારીના નિવેદનો લીધેલ નથી. આ કામે વાહનના કોઈ સ્પેર પાર્ટ તપાસના અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ નથી. હાલના કામે ગતિ મર્યાદાના સાઈન બોર્ડના ફોટા કે વીડીયોગ્રાફ રજુ રાખેલ નથી. બનાવ વાળી જગ્યાનો કોઈ નકશો તૈયાર કરવામાં આવેલ નથી કે ફોટા કે વીડીયોગ્રાફી કરવામાં આવેલ નથી. ફરીયાદીની ફરીયાદમાં આરોપીનું નામ કે કદ, વર્ણન લખાવેલ નથી. ફરીયાદી અને આરોપીને એકઝી. મેજી.શ્રી રૂબરૂ લઈ જઈ કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. હાલના કામે પરાગભાઈ બરછાનું કોઈ નિવેદન નોંધેલ નથી.''

(૨૦) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, બનાવ વખતે અને બનાવ સ્થળે આરોપીએ પોતાની પાસે રહેલ ઈનોવા ફોર વ્હીલર કાર રજી નં .જી.જે.૦૬.–સી.બી.–૪૩૬૫ વાળી પુરઝડપે અને બેફીકરાઈથી ગફલતભરી રીતે ચલાવી જગદીશભાઈને હડફેટે લઈ શરીરે તથા માથાના

ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી ગુન્હો કરેલ છે. આમ ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષે આંક–૭ થી ફરિયાદી રૂમિતભાઈ જગદીશભાઈ પાઉંનાએ તેમના પુરવામાં અકસ્માત થયેલાની હકીકત જણાવેલ છે. પરંતુ તેઓ અકસ્માતવાળી કારના નંબર યાદ નથી તેવું તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે. જયારે બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી. અકસ્માતમાં કયા વાહન ધ્વારા અને કોના ધ્વારા થયેલ તેની તેમને ખબર નથી. આમ, આ સાહેદના પુરાવાથી એ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે હાલના કામના આરોપીએ જ અકસ્માત વખતે પુરઝડપે અને બેફિકરાઈથી વાહન ચલાવી જગદીશભાઈનું મૃત્યુ નિપજાવેલ હોય. વધુમાં ફરિયાદપક્ષ તરફે આંક–૧૦ થી સાહેદ રમેશ મથુરાદાસ પાઉં, આંક–૧૧ થી તપાસેલ સાહેદ સોનલબેને તેમના પુરાવામાં ઈનોવા કારથી અકસ્માત થયેલાનું જણાવેલ છે, પરંતુ તે ઈનોવા કારના નંબર શું હતા અને તે ઈનોવા કાર કોણ ચલાવતું હતું તે બાબતે તેઓ કશું જાણતા નથી. તેવું જણાવેલ છે. અને બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં ઉપરોકત સાહેદો એવી હકીકત કબુલેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી કે બનાવ વિશે તેમને કોઈ જાત માહિતી નથી. આમ સદર સાહેદના પુરાવાથી હાલના કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. ફરિયાદપક્ષે આંક–૧૪ થી સહદેવસિંહને તપાસેલ છે. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસ મુજબ નજરે જોનાર સાહેદ છે અને તેમણે ઈનોવા કારથી અકસ્માત થયેલાનું અને ઈનોવા કારના નંબર ઓળખી બતાવેલ છે.

અને આરોપીને પણ ઓળખતા હોવાનું જણાવેલ છે. પરંતુ સદર સાહેદ તેમની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તેમણે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં તેમજ જુબાનીમાં ઈનોવા ગાડીના ચાલકનું કોઈ વર્ણન કે ગાડીના કલરનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. આ સાહેદે તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ચાલકને મે જોયેલો પરંતુ બહુ યાદ નથી જોઉં તો ઓળખી શકું તેવી હકીકત જણાવેલ છે. જેથી આ સાહેદ પણ આરોપીની ઓળખ સંબંધે ચોકકસ હોય તેવું જણાતું નથી અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તેમણે તેમના નિવેદનમાં આરોપીનું કોઈ વર્ણન જણાવેલ નહી હોવાની હકીકત જણાવેલ છે. તેમના પુરાવા દરમ્યાન પણ આરોપીનું કોઈ વર્ણન બતાવેલ નથી અને ત.ક. અમલદારશ્રીએ પણ કોઈ ઓળખ પરેડ કરાવેલ ન હોવાનું ત.ક. અમલદારશ્રીએ તેમના પુરાવામાં સ્વીકારેલ છે. જેથી સદર સાહેદની આવી હકીકત ઉપર આધાર રાખી શકાય નહી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ પ્રફુલભાઈને તપાસેલ છે. સદર સાહેદ પણ ફરિયાદપક્ષના કેસ મુજબ નજરે જોનાર સાહેદ છે, પરંતુ તેમણે હાલના આરોપીને ઈનોવા કાર ચલાવતા જોયેલ નથી. અને વધુમાં જણાવેલ છે કે, તેઓ ડાબી સાઈડ હતા અને જગદીશભાઈ જમણી સાઈડ હતા. જયારે આંક–૧૪ થી તપાસેલ સહદેવભાઈએ તેમના પુરવામાં આવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં આંક–૧૪ વાળા સાહેદ સહદેવસિંહ અકસ્માતનો બનાવ અશોક રૂમ પાસે બનેલાનું જણાવેલ છે. જયારે આંક–૧૭ થી તપાસેલ પ્રફુલભાઈ અકસ્માતનો બનાવ ક્રિષ્ના પેટ્રોલ પંપ પાસે બનેલાનું જણાવે છે. આમ સદર બંને સાહેદો બનાવ સમયે એક જ ગાડીમાં સવાર હતા

અને બનાવ વખતે હાજર હતા તેમ છતાં બનાવવાળી જગ્યા અને બનાવ સ્થળ બાબતે અલગ–અલગ હકીકતો જણાવે છે. જેથી સદર સાહેદોની આવી વિરોધાભાસી હકીકતો ઉપર આધાર રાખી હાલના આરોપીની બેદરકારીથી અકસ્માત થયેલાનું માની શકાય નહી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૮ થી તપાસેલ મંદાબેને તેમના પુરવામાં અકસ્માત થયેલાની હકીકત જણાવેલ છે. પરંતુ સદર સાહેદે તેમની ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ તેઓ નજરે જોનાર સાહેદ નથી અને બનાવ વિશે તેમને કોઈ માહિતી નથી. જેથી સદર સાહેદના પુરાવાથી હાલના આરોપીએ જ સદર અકસ્માત કરેલાનું માની શકાય નહી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૯ થી કેશુભાઈ તથા આંક–૨૦ થી પ્રતાપભાઈને તપાસેલ છે. સદર સાહેદો અકસ્માત વાળી ઈનોવા કારના અગાઉના માલીક છે અને તેઓએ કોઈ રામભાઈ બોઘાભાઈ ભુતીયાને વેચાણ આપેલાનું જણાવેલ છે. આમ સદર સાહેદોના પુરાવાથી હાલની ઈનોવા કાર હાલના આરોપી ચલાવતા હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૨૧ થી રામભાઈ, આંક–૨૩ થી અનિલભાઈ, આંક–૨૪ થી અંજુબેનને તપાસેલ છે. સદર તમામ સાહેદોએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જયારે સદર તમામ સાહેદોની વિ.એ.પી.પી.શ્રી દ્વારા લીધેલ ઉંડાણપૂર્વકની ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી. જેથી સદર સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી હાલના આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહી. જેથી ઉપરોકત તમામ સાહેદોના

પુરાવાથી એ હકીકત પુરવાર થતી નથી કે હાલના કામના આરોપીએ ફરિયાદમાં જણાવેલ ઈનોવા ગાડી બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી જગદીશભાઈનું મોત નિપજાવેલ હોય. વધુમાં ફરિયાદપક્ષ ધ્વારા આંક–૨૯ થી ત.ક. અમલદાર ઈન્તુજાબેન ઈબ્રાહીમભાઈ નોયડા નાઓને તપાસેલ છે. સદર સાહેદે તેમની ફરજના ભાગરૂપે કાર્યવાહી કરેલાની હકીકત જણાવેલ છે, પરંતુ જયારે આ ત.ક. અમલદારના પુરાવાને અન્ય તટસ્થ સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ ન હોય ત્યારે સદરહું સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. વધુમાં આંક–૨૮ થી રજુ પી.એમ. રીપોર્ટ તથા આંક–૨૫ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામા ઉપરથી હાલનો અકસ્માતવાળો બનાવ બનેલ હોવાનું તથા તે બનાવમાં મરણજનાર જગદીશભાઈનું મૃત્યુ થયેલ હોવાની હકીકત ન માનવાને કોઈ કારણ નથી પરંતુ આ બનાવ આરોપીની પુરઝડપે, બેફીકરાઈથી ગફલતભરી રીતે ઈનોવા કાર ચલાવવના કારણે બનેલ હોવાનું ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષના કોઈપણ સાહેદે અકસ્માત કરનાર વાહનના ચાલક કોણ હતા તે બાબતે ચોકકસ પુરાવો આપેલ નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ પુરાવો જોતા બનાવ વખતે હાલના આરોપીએ પોતાના કબજાનું વાહન પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી જગદીશભાઈને ટકકર મારી ઈજા કરી મોત નીપજાવેલ હોય તેવું પુરવાર કરવામા ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ નો જવાબ ન્યાયના હિતમાં આખરી હુકમ મુજબ ઠરાવવામાં આવે છે.**

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી **નરેશભાઈ અરવિંદભાઈ મેઘનાથી,** રહે. જુબેલી, ખાપટ રોડ, કસ્તુરબા સ્કુલવાળી ગલીમાં, તા.જી. પોરબંદર નાઓને બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુના અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અપીલ સમય દરમિયાન સુધી રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન આપવા.

**હુકમ આજરોજ તારીખ ૨૧–મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારા સહી–સિકકા કરી જાહેર કરવામાં આવ્યો.**

ખંભાળીયા,
તા. ૨૧/૦૭/૨૦૨૬

**(જનકકુમાર દેવજીભાઈ સોલંકી)**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા
કોડ નં.GJ00979